તા. 13-04-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 13-04-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર ANKIT PRAJAPATI વાંચે છે.

---

- ✓ **ગુજરાતની લોકસભાની 26 સહિત 94 બેઠકોની આગામી સાતમી મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ગઇકાલે જાહેરનામું બહાર પડયુ છે.**
- ✓ **પ્રથમ તબક્કાના મતદાનને માત્ર સાત દિવસ બાકી રહેતાં પ્રચારે જોર પકડ્યું છે - વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ દેશભરમાં રેલીઓ યોજી રહ્યા છે.**
- ✓ **વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું કે, વિશ્વભરના લોકો હવે ભારતની સાથે છે - ભારતને વહેલી તકે સંયુક્ત રાષ્ટ્રનું કાયમી સભ્યપદ મળશે.**
- ✓ **પંજાબ સહિત દેશભરમાં આજે બૈસાખીના ત્યોહારની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.**
- ✓ **IPL ક્રિકેટમાં ગઈકાલે દિલ્હી કેપિટલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને 6 વિકેટે હરાવ્યું છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 13-04-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# 3RD PHASE NOTIFICATION

ગુજરાતની લોકસભાની 26 સહિત 94 બેઠકોની આગામી સાતમી મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ગઇકાલે જાહેરનામું બહાર પડતાં ત્રીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયાનો આરંભ થયો છે. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભા બેઠકોની ચૂંટણી યોજાશે.

જેમાં ગુજરાતની લોકસભાની તમામ 26 બેઠકો ઉપરાંત કર્ણાટકની 14 બેઠકો, મહારાષ્ટ્રની 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની 8, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો તથા ગોવા અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની, બે-બે અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આ તબક્કા માટે 19મી એપ્રિલ સુધી સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે, 20મીએ તેમની ચકાસણી થશે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ છે, જ્યારે 7મી મેના રોજ મતદાન થશે અને ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રીજા તબક્કામાં લોકસભાની 94 બેઠકોની સાથે ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પોરબંદર, માણાવદર, વિજાપુર, ખંભાત અને વાઘોડિયા વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાથી અન્ય એક ખાલી પડેલી વિધાનસભા બેઠક વિસાવદર ઉપર પેટાચૂંટણી જાહેર થઇ નથી.

# ECI-REVIEW MEET

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની તૈયારીઓની સમીક્ષા કરી છે. પંચે દેશભરના 350થી વધુ ચૂંટણી નિરીક્ષકો સાથે વાતચીત કરી હતી. આ મહિનાની

19મી તારીખે 21 રાજ્યોની 102 સંસદીય બેઠકો પર મતદાન થશે. આ તબક્કામાં મુક્ત અને ન્યાયી મતદાન સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી મંડળે 127 જનરલ, 67 પોલીસ અને 167 ખર્ચ નિરીક્ષકો તૈનાત કર્યા છે.

## ELECTION

ચૂંટણી પંચે આગામી લોકસભા ચૂંટણી માટે વૃદ્ધો અને વિકલાંગ લોકો માટે ઘરેલુ મતદાનની સુવિધા શરૂ કરી છે. આ પહેલ હેઠળ, 85 વર્ષથી વધુ ઉંમરના મતદારો અને 40 ટકા બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતા વિકલાંગ વ્યક્તિઓ (PwDs) વૈકલ્પિક હોમ વોટિંગ સુવિધાનો લાભ લઈ શકે છે. ચૂંટણી પંચે કહ્યું છે કે આ કેટેગરીના મતદારોએ મતદાનના તબક્કા I અને II માટે તેમના મત આપવાનું શરૂ કરી દીધું છે.

## JAIPUR - ELECTION PM MODI

પ્રથમ તબક્કાના મતદાનને માત્ર સાત દિવસ બાકી રહેતાં પ્રચારે જોર પકડ્યું છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ દેશભરમાં એક પછી એક રેલીઓ યોજી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથ હલ્દવાનીમાં જાહેર સભા યોજવાના છે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે ભંડારા-ગોંદિયા લોકસભા મતવિસ્તારમાં મહાવિકાસ અઘાડીના ઉમેદવાર ડૉ. પ્રશાંત યાદવરાવ પાડોલે માટે પ્રચાર કરશે. કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આવતીકાલે નાગપુરના ચંબલ ચોક ખાતે જાહેર સભાને સંબોધશે.

ચૂંટણીના પ્રથમ તબક્કામાં વિદર્ભની પાંચ લોકસભા બેઠકો નાગપુર, રામટેક, ભંડારા-ગોંદિયા, ગઢચિરોલી-ચિમુર અને ચંદ્રપુરમાં 19મી એપ્રિલે મતદાન થશે.અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહાસચિવ પ્રિયંકા ગાંધી રામનગર અને રૂરકીમાં ચૂંટણી

સભાઓને સંબોધીત કરવાના છે. બીજી બાજુ, બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી મંગલૌર, હરિદ્વારમાં એક જાહેર સભાને સંબોધવા છે.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ ગઈકાલે બાડમેરમાં ચૂંટણીસભામાં કહ્યું હતું કે વિરોધ પક્ષો બંધારણના નામે જૂઠાણાં ફેલાવી રહી છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે બંધારણને કોઈ પણ સંજોગોમાં ખતમ કરી શકાય નહીં.

## AMIT SHAH - ELECTION CAMPAIGNING

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે મતદારોને તામિલનાડુમાંથી ડીએમકે અને એઆઈએડીએમકેને નાબૂદ કરવા હાકલ કરી હતી. મદુરાઈમાં રોડ શો દરમિયાન તેમણે કહ્યું કે શ્રી મોદીનો હંમેશા વૃદ્ધિ અને વિકાસનો ઉદ્દેશ્ય છે.

બીજી બાજુ, ભાજપ આગેવાની હેઠળની સરકાર પર પ્રહાર કરતા તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને કહ્યું કે આ વિચારધારાઓ વચ્ચેનું બીજું સ્વતંત્રતા યુદ્ધ છે. કોઈમ્બતુરમાં પ્રચાર સંબોધનમાં, મુખ્યમંત્રીએ વંશવાદી શાસન અને ભ્રષ્ટાચાર માટે કોંગ્રેસને નિશાન બનાવવા માટે ભાજપની ટીકા કરી હતી. સ્ટાલિને ભાજપ પર છેલ્લા દસ વર્ષથી નિષ્ક્રિય હોવાનો આક્ષેપ કર્યો હતો

## TN - RAHUL - ELECTION CAMPAIGNING

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે એનડીએ સરકાર માત્ર અમુક ધનિક ઉદ્યોગપતિઓની આસપાસ કેન્દ્રિત છે જેમને તમામ ક્ષેત્રોમાં કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. ગઈકાલે તિરુનેલવેલી ખાતે જાહેર સભામાં, તેમણે તમિલનાડુના દક્ષિણ ભાગમાં કોંગ્રેસના ઉમેદવારો માટે પ્રચાર કર્યો.

તા. 13-04-2024

સમય : સવારે 7.45(નેશનલ)

શ્રી ગાંધીએ ભાજપ પર ઈડી, સીબીઆઈ અને આઈટીને તૈનાત કરીને વિરોધ પક્ષોને ધમકાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસને નિશાન બનાવવામાં આવી છે અને ચૂંટણી પહેલા અજ્ઞાત કારણોસર તેના બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે. રાહુલ ગાંધીએ ભાજપ પર આરોપ લગાવ્યો કે જો તેઓ ફરીથી સત્તામાં આવે તો બંધારણ બદલવાની યોજના બનાવી રહ્યા છે.

## JAISHANKAR-PUNE

વિદેશ મંત્રી એસ જયશંકરે શુક્રવારે સરહદ પારથી આચરવામાં આવતા આતંકવાદના કોઈપણ કૃત્યનો જવાબ આપવા માટે સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી હતી. તેઓએ ગઈકાલે સાંજે પુણેમાં સમર્થ યુવા ફાઉન્ડેશન અને યુવા સ્વરાજ્ય પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે આતંકના ગુનેગારો સાથે કોઈ દેશનો કોઈ નિયમ હોઈ શકે નહીં.

શ્રી જયશંકરે કહ્યું છે કે કોરોના પછી ભારત પ્રત્યે ઘણા દેશોનું વલણ બદલાયું છે કારણ કે ભારતે 100 થી વધુ દેશોને COVID-19 રસી પૂરી પાડી છે. વિશ્વભરના લોકો હવે ભારતની સાથે છે તેમ કહીને શ્રી જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતને વહેલી તકે સંયુક્ત રાષ્ટ્રનું કાયમી સભ્યપદ મળશે.

શ્રી જયશંકરે જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં દેશના નાગરિકો ભારતની સંસ્કૃતિ અને વારસા વિશે સ્વયં જાગૃત બન્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે રોકાણ કરવું પડશે, દેશમાં ઇન્ટેલિજન્સ માટે વધુ તકો આપવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાર્ટ-અપ્સ અને બિઝનેસ-ફ્રેન્ડલી વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે.

## PUNJAB: BAISAKHI CELEBRATIONS

તા. 13-04-2024

સમય : સવારે 7.45(નેશનલ)

પંજાબમાં આજે બૈસાખીનો તહેવાર સંપૂર્ણ ધાર્મિક ઉત્સાહ અને પરસ્પર ભાઈચારા સાથે ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસે વર્ષ 1699 માં, શીખોના દસમા ગુરુ શ્રી ગુરુ ગોવિંદ સિંહજીએ આનંદપુર સાહિબના તખ્ત શ્રી કેસગઢ સાહિબ ખાતે પાંચ લોકોને અમૃત અર્પણ કરીને ખાલસા પંથની સ્થાપના કરી અને તેમનું નામ પંજ પ્યારે રાખ્યું. તેથી, ઐતિહાસિક ગુરુદ્વારા તખ્ત શ્રી કેસગઢ સાહિબ ખાતે સવારથી જ લોકોની સતત ભીડ જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે શીખ ઈતિહાસમાં  બૈસાખી ઉત્સવ, લણણી તહેવાર તરીકે ખેડૂતો અને દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ માટે પણ ખૂબ મહત્વ ધરાવે છે. આ દિવસે ખેડૂતો ઉત્સાહપૂર્વક  ઔપચારિક રીતે ઘઉંના પાકની લણણી શરૂ કરે છે.

## PREZ-MSG

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે બૈસાખી , વિશુ, બિશુબ, બહાગ બિહુ, પોઈલા વૈશાખ, વૈશાખડી અને પુથન્ડુના પર્વ પર રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી છે. આ તહેવારો આજે અને આવતીકાલે ઉજવવામાં આવશે. તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિએ દેશભરના ખેડૂતોની મહેનત માટે આભાર વ્યક્ત કર્યો. રાષ્ટ્રપતિએ એવી પણ કામના કરી કે આ તહેવારો દરેકના જીવનમાં સમૃદ્ધિ અને શાંતિ લાવે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે  પણ આ અવસર પર રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી હતી. શ્રી ધનખડે વિવિધતામાં એકતાની ભાવનાને ફરીથી પ્રેરિત કરવા ઈચ્છતા હતા જે ભારતના સભ્યતાના સિદ્ધાંતોને વ્યાખ્યાયિત કરે છે. તેમણે કહ્યું કે, આ તહેવારો દેશભરમાં અનન્ય નામો અને પરંપરાઓ સાથે ઉજવવામાં આવે છે જે દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સુંદર ટેપેસ્ટ્રી વણાટ કરે છે.

## IPL

તા. 13-04-2024

સમય : સવારે 7.45(નેશનલ)

IPL ક્રિકેટમાં ગઈકાલે રાત્રે લખનૌમાં દિલ્હી કેપિટલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને 6 વિકેટે હરાવ્યું છે., પ્રથમ દાવમાં  લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 167 રન બનાવ્યા હતા. લખનૌ તરફથી આયુષ બદોનીએ અણનમ 55 રન બનાવ્યા હતા જ્યારે દિલ્હી કેપિટલ્સ તરફથી કુલદીપ યાદવે 3 વિકેટ ઝડપી હતી.

168 રનના લક્ષ્ય સામે દિલ્હી કેપિટલ્સે જેક ફ્રેઝર-મેકગર્કના 55 અને રિષભ પંતના 41 રનની મદદથી 18.1 ઓવરમાં જ જીત મેળવી હતી..મેચના અંતે કુલદીપ યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજે, પંજાબ કિંગ્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે. મેચ મોહાલીમાં સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

## JIN KING CUP

મહિલા ટેનીસમાં ચીનના ચંગેશા પ્રાંતમાં રમાઇ રહેલ બિલી જીન કિંગ કપમાં ભારતે દક્ષિણ કોરિયાને બે-એક થી હરાવ્યું છે. એશિયા ઝોનના ગ્રુપ – ૧ માં દક્ષિણ કોરિયાને બે – એક થી હરાવીને ભારતે ત્રીજી જીત હાંસલ કરી છે.

ભારતીય ટીમ તેનો અંતિમ ગ્રુપ મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે.